ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૩૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૭ ટકા

# શહેરની હોસ્પિટલમાં છેલ્લા સપ્તાહમાં કમળાના ૯૪ કેસ

ગાંધીનગર, તા.૩૦

શહેરના આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. સમગ્ર શહેર અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત બન્યું છે. તેમ છતા શહેરમાં પાણીજન્ય રોગચાળો માથું ઉંચકી રહ્યો છે. શહેરની હોસ્પિટલમાં ગત્ સપ્તાહમાં કમળાના ૯૪, ઝાડા-ઉલ્ટીના ૫૨, અને મેલેરીયાના ૧૨ કેસ નોંધાયા છે. જેમાં સે-૧૩ અને સે-૪માં કમળાના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. આ રોગચાળાને નાથવા આરોગ્ય તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. શહેરના નાગરીકો ગરમીને પગલે ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે નગરજનો ઠંડક મેળવવા માટે વિવિધ ચીજવસ્તુનો સહારો લેતા હોય છે. શહેરમાં ઠંડી છાશ, શેરડીનો રસ, ઠંડી પાણીના પાઉચ, બરફના ગોળા, લીંબુ શરબત, લસ્સી તેમજ વિવિધ આઈસ્ક્રીમ સહિતની ચીજવસ્તુઓની હાટડીઓ ખુલ્લેઆમ ચાલી રહી છે. જેને પગલે નાગરીકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. નાગરીકો આ વિવિધ હાટડીઓ પરથી બિનઆરોગ્યપ્રદ ખોરાક આરોગતા હોય છે. જેથી પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યુ છે. ડોકટરના જણાવ્યા મુજબ અત્યારે હાલ ઉનાળાની સિઝન ચાલી રહી છે આ સિઝનમાં પાણીજન્ય ઈન્ફેકશન ઝડપી ફેલાય છે. જેને પગલે ઝાડા-ઉલ્ટી તેમજ કમળાના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળે છે.જયારે ઉનાળાની સિઝનમાં બજારમાં મળતા બિન આરોગ્યપ્રદ ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. શહેરની હોસ્પિટલમાં ગત્ તા.૨૨ થી ૨૮ મે દરમિયાન મેલેરીયાના - ૧૨, ઝાડા-ઉલ્ટીના-૫૨ અને કમળાના ૯૪ કેસ નોંધાયા છે. કમળાના દર્દીઓમાં સે-૧૩ અને સે-૪ના દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળી છે. જયારે પાણીજન્ય રોગચાળો આવી ગરમીમાં પણ માથું ઉંચકતા આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા છે. તંત્રએ પાણીજન્ય રોગચાળાને નાથવા તમામ વિભાગોને કામે લગાડી દીધા છે.

# સે-૨૯ની ઝુંપડપટ્ટી પર દબાણ તંત્રનું જેસીબી ફરી વળ્યું



શહેરના પ્રેસ સર્કલ નજીક સે-૨૯ના ખુણા પર દબાણયુકત ઝુંપડપટ્ટી ઉપર આજે મહાનગરપાલિકાની દબાણ શાખાનું જેસીબી ફરી વળ્યું હતું. દબાણ તંત્રએ અચડણરૂપ ૧૫ જેટલા ઝુંપડાઓ સે-૨૯નાં ખુણા પરથી હટાવી લઈ સફાયો બોલાવવામાં આવ્યો હતો. દબાણ શાખાના અધિકારી મહેશ મોડે જણાવ્યું છે કે આગામી દિવસોમાં આવા નડતરરૂપ તમામ કાચા દબાણો હટાવવા પુનઃ ઝુંબેશ શરુ કરવામાં આવશે.

## આજે નિસર્ગ સાયન્સની સાયન્સ એકસ્પોઝર ટુર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આવતી કાલે તા.૩૧મી મેના રોજ 'ઈન્ડસ્ટ્રીયલ એકસ્પોઝર ટુર'નું આયોજન કરવામાં આવ્યું છે. સાયન્સ સેન્ટરના વિદ્યાર્થીઓને દર વર્ષે અનોખો પ્રવાસ સેન્ટર દ્વારા કરાવાય છે જે અંતર્ગત આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત ઈન્ડસ્ટ્રીયલ એકસ્પોઝર ટુરમાં વિદ્યાર્થીઓને આ વર્ષે ગાંધીનગરની સુવિખ્યાત મધુર ડેરીની મુલાકાત કરાવાશે. આ ઉપરાંત જલુંદ ખાતે ભાવિક પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદ ખાતે ઈસરો તથા સાયન્ય સીટી જેવી વિજ્ઞાનની દષ્ટિએ મહત્વની સંસ્થાઓની પણ મુલાકાત કરાવાશે. આ પ્રવાસ થકી વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક સમજ વધે તથા ક્ષમતા વધે તેમજ અભ્યાસની સાથે સાથે બાહ્ય જગતનું જ્ઞાન પણ મળી રહે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. સાયન્સ એકસ્પોઝર ટુરમાં ગાંધીનગરની વિવિધ શાળાઓના ધોરણ-૫થી ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૬૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## બિમારીથી કંટાળેલા યુવાનનો સાબરમતી નદીના પુલ નીચે ઝાડીઓમાં જઈ લીમડે દોરી બાંધી ગળે ફાંસો

ગાંધીનગર, તા.૩૦

શહેર નજીક આવેલા સી.આર.પી.એફ. કેમ્પમાં પિતા સાથે રહેતા ૨૪ વર્ષીય યુવાને માનસિક બિમારીથી કંટાળી ગળે ફાંસો ખાઈ લીધો હોવાની ઘટના બનવા પામી છે. ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સાબરમતી નદીના પુલ નીચે ઝાડીઓમાં જઈ આ યુવાને લીમડાના ઝાડે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. મૃતકના ખિસ્સામાંથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. ચિલોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલ સી.આર.પી.એફ. કેમ્પમાં



પિતા સાથે રહેતો અને મુળ ઉત્તરપ્રદેશનો ૨૪ વર્ષીય યુવાન આરીફ મહેરખાન છ વર્ષથી માનસિક બિમારીનો શિકાર બન્યો હતો. સે-૨૧ ખાતે એક ગેરેજમાં તે કામ કરતો હતો. આજે વહેલી સવારે ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સ્મશાન નજીક આવેલા સાબરમતી નદીના પુલની નીચે ઝાડીઓમાં લીમડાના ઝાડે તેનો લટકતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આરીફ ખાને લીમડાના ઝાડે દોરી બાંધીને રાતથી વહેલી સવારના સમયગાળામાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. ચિલોડા પોલીસને ઘટના અંગે જાણ થતા જમાદાર મોહનભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ ઉતારી પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. મૃતકના ખિસ્સામાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. તેમાં પણ પોતે બિમારીથી કંટાળીને આ પગલું ભરતો હોવાનો ઉલ્લેખ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

## વોર્ડ નં. ૮ વિસ્તારમાં રીંગ રોડ તથા આંતરિક રોડના ખાડા દૂર કરવા રજુઆત

ગાંધીનગર, તા.૩૦

વોર્ડ નં. ૮માં સમાવેશ થયેલ સેકટર-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપના રીંગરોડ તથા ઈન્ટરર્નલ રોડ પર ખાડા પડી ગયેલ છે. પેવરીંગ કામ ઘણા વર્ષોથી થયા નથી. રસ્તાઓને પેવરીંગ કરતા પહેલા રોડના તમામ ખાડા પુરી લેવલીંગ કરવા માટે હાલના તબક્કે પેચીંગ કરીને રોડના કામ ચોમાસા પહેલાં પૂર્ણ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સિલર શ્રીમતી પ્રવિણાબેન વોરાએ સત્તાવાહકો સામે રજુઆત કરેલ છે.

## @ગાંધીનગર

● કુડાસણ ગ્રામ પંચાયત કચેરી ખાતે સવારે ૧૦થી ૫ કલાક દરમિયાન આધાર કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

● બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો સૂર્યાબેન ભટ્ટ પ્લોટ નં. ૬૨૭/૧, સે-૬-બીખાતે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરની એક મા-દિકરીની જોડીએ પણ આપેલી એસએસસી બોર્ડની પરીક્ષામાં બંને ડીસ્ટીંકશન માર્કસ સાથે પાસ થઈ છે. સે-૮માં સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં શિક્ષિકાની ફરજ બજાવતા ગાયત્રી થોરાતે ગુજરાતી વિષયની પરીક્ષા ૭૩ ગુણ સાથે અને તેમની ઈલેકટ્રિકલ એન્જિનીયરીંગ ભણતી દિકરીએ હિન્દી વિષયની પરીક્ષામાં ૭૧ ગુણ મેળવ્યા છે.

● એસએસસી તથા એચએસસી બોર્ડની પરીક્ષાઓના એક સપ્તાહ પૂર્વે શહેરના ખાનગી કલાસિસના સંચાલકો દ્વારા નગરજનોના 'બલ્ક ડેટા' મેળવી એસએમએસ દ્વારા માર્કેટીંગ ખૂબ કરાઈ રહ્યું છે. આ માર્કેટીંગ મેસેજ શહેરમાં જેઓના હજુ લગ્ન જ નથી થયા કે સંતાનો જ નથી તેવા નાગરિકોના મોબાઈલ પર પણ સંદેશા આવી રહ્યા છે.

● સેકટર-૩-બીમાં એક બનેવીને તેના સાળા દ્વારા માર મારવાની ફરિયાદ પોલિસ સ્ટેશને નોંધાવા પામી છે. ૩ મહિના પૂર્વે લગ્ન કરનાર બનેવીને સાળાએ 'મારી બેન સાથે પ્રેમલગ્ન કેમ કર્યા' કહીને માર માર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

● સેકટર-૧૨-૧૩ની ચોકડી પાસે સાંજના સમયે સ્કૂટર ચાલક બે યુવતિઓ તથા એક બાઈક સવાર ટકારાયા હતા. આ અકસ્માતમાં યુવતિઓને ઈજા થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર આપવામાં આવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**સાહિલ સવિતા પટેલ**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**
કુદરતી સુંદરતા, માનવીય સહજતા, સરળતા, સેવા, કલા અને સંસ્કૃતિને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત અને સેવાભાવી, કલાપ્રેમી તથા માન ઉપજે તેવા નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગ્રો ફાઉન્ડેશન, આપણું ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તેમજ જી ઈ કલબ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી સેવા, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાનો સમાજકાર્યમાં રસ લે, પ્રવૃત્ત થાય અને તેમને આ બાબતની યોગ્ય તાલીમ મળે એવી વ્યવસ્થા ઊભી કરવાનું જરૂરી લાગી રહ્યું છે.

**નગર માટે હું કરી શકું**
કલા અને સેવા પ્રવૃત્તિ માટે હરદમ તૈયાર છું. આ ક્ષેત્રમાં સઘળી સેવા, સહાય આપવા માટે પણ હું તૈયાર છું.

## ચાલુ વાતે મોબાઈલ લુંટતી ગેંગની પુછતાછમાં વધુ એક ગુનાનો ભેદ ઉકેલાયો

**સાહીલ કલાલે તેના સગીર સાગરીત સાથે મળીને કલોલ સિંદબાદ હોલ સામેથી પણ મોબાઈલ લુંટ કરી હોવાની કબુલાત**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એલસીબીની ટીમે બે અઠવાડિયા પહેલા ચાલુ વાતે મોબાઈલ ઝુંટવીને લુંટ કરતી ગેંગને પકડી પાડી છ મોબાઈલ અને વાહન મળી રૂ. ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ગેંગમાં સાહીલ કલાલ અને તેનો સગીર વયનો સાગરીત હતો. પુછપરછમાં આ ગેંગ દ્વારા કલોલ શહેરમાં સિંદબાદ હોલ સામે આચરવામાં આવેલો ગુનો પણ ઉકેલાવા પામ્યો છે. એલસીબીએ રૂ. ૧૦ હજારની કિંમતનો મોબાઈલ રીકવર કર્યો છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા તેમની ટીમે ૧૮મેએ સાહીલ અબ્દુલ કલાલ અને એક સીગરવયના તેના સાગરીતને પકડી પાડયા હતા. કડી, કલોલ, ઈન્ફોસીટી આસપાસના વિસ્તારમાં આ શખ્સોએ બાઈક ચોરી અને મોબાઈલ સ્નેચીંગ કર્યા હતા. ચાલુ વાતે મોબાઈલ ઝુંટવીને ફરાર થઈ જતી આ ગેંગ પાસેથી તે સમયે એક ચોરીનું બાઈક અને ૬ ઝુંટવેલા મોબાઈલો મળી રૂ. ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ બંને પુછપરછમાં વધુ એક ગુનાનો ભેદ ઉકેલાવા પામ્યો છે કલોલ સિંદબાદ હોલની સામે થોડા સમય અગાઉ હાથમાંથી મોબાઈલ ઝુંટવી જવાનો કિસ્સો બન્યો હતો. આ ગુનામાં પણ સાહીલ કલાલ અને તેના સાગરીતનો હાથ હોવાનું ખુલ્યું છે. મોબાઈલ સ્નેચીંગમાં ગયેલો રૂ. ૧૦ હજારની કિંમતનો મોબાઈલ રીકવર કરી એલસીબીએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે નિફટ ખાતે 'ઈમ્પલ્સ-૨૦૧૭' ફેશન શો

**આગામી તા. ૨જી જુનના રોજ સરદાર પટેલ મેમોરિયલ હોલ ખાતે સંસ્થાનો પદવીદાન સમારોહ યોજાશે**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારમાં આવેલ ફેશન એજયુકેશન ક્ષેત્રે જાણીતી સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી ખાતે તા. ૩૧મી મેના રોજ 'ઈમ્પલ્સ-૨૦૧૭' ફેશન શૉનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા. ૨જી જુનના રોજ સંસ્થાનો પદવીદાન સમારંભ પણ યોજવામાં આવ્યો છે. જેમાં ચાર વર્ષનો સંપૂર્ણ ફેશન ડિઝાઈન પ્રોગ્રામ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરનાર ૨૩૮ વિદ્યાર્થીઓને શાહીબાગના સરદાર પટેલ ઓડિટોરિયમ ખાતે પદવી એનાયત કરાશે.

નિફટ કોલેજના પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મિસ યુનિવર્સ વેસ્ટ એશિયા ૨૦૧૫ તથા નિફટના બોર્ડ ઓફ ગવર્નર સદસ્ય રૂબી યાદવ, રાજયના શિક્ષણ વિભાગના અગ્રસચિવ સુનૈના તોમર તથા નિફટના ડાયરેકટર જનરલ શારદા મુરલીધરન ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ શાહીબાગના સરદાર પટેલ સ્મારકના ઓડિટોરિયમ ખાતે તા. ૨જી જુનના રોજ સાંજે ૫ કલાકે યોજાશે.

ઈમ્પલ્સ ૨૦૧૭ નિફટ કોલેજ કેમ્પસના તાનારીરી હોમ ખાતે તા.૩૧મી મેએ સાંજે ૭ કલાકે યોજાશે. જેમાં મુખ્ય અતિથિ પદે ગુજરાત ગાર્મેન્ટ મેન્યુફેકચર્સ એસોસિએશનના ઉપપ્રમુખ અર્પણ શાહ, જેડબ્લ્યુના ડિરેકટર બિપિન ચૌહાણ તેમજ હઠીસિંઘ ડિઝાઈન કંપનીના પ્રેસિડેન્ટ ઉમંગ હઠીસિંઘ ઉપસ્થિત રહેશે. આ ફેશન શોમાં નિફટના ૩૫ ફેશન ગ્રેજયુએટ દ્વારા તૈયાર કરાયેલ વસ્ત્રોની અવનવી ડિઝાઈન્સ પ્રસ્તુત કરાશે.

## પંચદેવ મંદિરે ચોથી જુને કેરી મહોત્સવ

ગાંધીનગર, તા.૩૦

શ્રી પંચદેવ મંદિર સેકટર-૨૨ ગાંધીનગરની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ થતા તા. ૧૯મી મેના રોજ પંચકુંડી હવનનું આયોજન કરાયું હતું. પંચદેવ મંદિર જે નગરદેવતાના નામે પ્રખ્યાત છે. ગાંધીનગરનું પહેલું ધર્મસ્થળ જયાં જનતાને કોઈ પણ જાતના ભેદભાવ કે કોઈ પણ જાતની ફી વગર ભગવાનના દર્શનનો લ્હાવો મળ છે. ગાંધીનગરનું એવું ધર્મસ્થળ કે જયાં ભગવાનના ચોવીસ અવતારની સ્થાપના થયેલી છે. આ પવિત્ર તીર્થસ્થળની પચાસમી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે પંચદેવ મંદિર ખાતે કેરી મહોત્સવનું તા. ૪થી જુને જેઠ સુદ દસમને દિવસે સાંજે ૫ થી ૯ કલાક દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રકારની કેરી જેવી કે કેસર, હાફુસ, બદામ, રત્નાગીરી વગેરેનો ભોગ ભગવાનને ધરાવવામાં આવશે.

## સે-૨૮ ચરેડી છાપરામાંથી તાડી વેચતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૨૮ ચરેડી છાપરા ખાતે એક શખ્સ ગેરકાયદે તાડી વેચી રહ્યો હોવાની માહિતી ગાંધીનગર એલસીબી પી.એસ.આઈ. એચ.કે. સોલંકી તથા તેમની ટીમને મળી હતી. પોટ્રોલીંગમાં નીકળેલી આ ટીમ માહિતી મળતા જ બાતમીવાળા સ્થળ પર પહોંચી ગઈ હતી અને તાડી વેચી રહેલા અરવિંદ દાડમભાઈ



કાંગસીયાને જીજે ૧૮ સીએમ ૨૭૪૪ નંબરના એકટીવા સાથે પકડી પાડયો હતો. ગેરકાયદે ૨૦ લીટર તાડી પકડી એલસીબીની ટીમે તાડીનો નાશ કરી આરોપીની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે આ આરોપી અગાઉ ડુપ્લીકેટ સીડી અને જુગારના કેસમાં પણ પકડાઈ ચુકેલો છે.

## ગાંધીનગર ખાતે મોદી ફેસ્ટ વાનનું પ્રસ્થાન

ગાંધીનગર, તા.૩૦

દેશના વડાપ્રધાન શ્રી નદેન્દ્રભાઈ મોદીના શાસનને ત્રણ વર્ષ પૂર્ણ થતાં કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓ અને પ્રજાલક્ષી કરેલા કાર્યોની ઝાંખી કરાવતી મોદી ફેસ્ટ વાનને મહિલા બાળ વિકાસ રાજયમંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી શ્રીમતિ નિર્મલાબેન વાધવાણીએ ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી સતીષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.




મેકીંગ ઓફ ડેવલપર્ડ ઈન્ડિયાના સુત્રને સાર્થક કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે દેશના લોકો ઉત્સાહભેર જોડાય તે હેતુથી ગાંધીનગર શહેરના વિવિધ જાહેર સ્થળોએ મોદી ફેસ્ટ વાન દ્વારા નાગરિકોને વિકાસની ઝાંખી કરાવાશે. આ વાન ગાંધીનગર શહેરની આસપાસના ગામોમાં ફરીને નવા ભારતના નિર્માણમાં વધુ લોકભાગીદારી સાથે ઉત્સાહભેર જોડાવવાનો પ્રજામાં પ્રચાર-પ્રસાર કરશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ત્રણ વર્ષની વિકાસલક્ષી ઉપલબ્ધિઓની ઝાંખી કરાવતું પ્રદર્શન તા.૨ થી તા.૪ જુન ૨૦૧૭ દરમ્યાન સવારે ૧૦ થી ૭ વાગ્યા સુધી ટાઉનહોલ સામેના મેદાનમાં યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. ડાભી કમલેશજી રણછોડજી, ઉ.વ. ૩૫
● સ્વ. વિરસંગ સોમાજી સોલંકી, ઉ.વ. ૭૨
● સ્વ. ભાવસાર ધીરજકુમાર મુળચંદદાસ, ઉ.વ. ૬૮